# પાયાનો પથ્થર – પન્ના

રાજસ્થાન ભારતમાતાની વીરપુત્રી છે. રાજસ્થાનમાં શૌર્ય અને બલિદાનમાં સર્વોચ્ચ સ્થાન મેવાડ ધરાવે છે. મેવાડના રાણાઓ કે સિસોદિયાઓએ સ્વપ્ને પણ પોતાની બહેન કે દીકરીને મોગલો સાથે વરાવી નથી. પોતાની માતૃભૂમિની સ્વતંત્રતા માટે મેવાડના રાજપૂતોએ મેવાડની ધરાને પોતાના અને શત્રુના રક્તથી હંમેશાં રક્તવર્ણી રાખી છે.

ભારતનો કયો બાળક નથી જાણતો મહારાણા પ્રતાપની અમર – વિજયી સમશેરને ! કોણ નથી જાણતું ચેતકને ! કોણ નથી જાણતું મેવાડની નારીઓના સ્વેચ્છાએ કરેલાં સામૂહિક અગ્નિસ્નાનને ! કોણ નથી જાણતું મેવાડની મીરાંને ! કોણ નથી જાણતું ત્યાગ અને બલિદાનની દેવી, મેવાડની વીરપુત્રી પન્નાને!

બલિદાનો આપવાથી ઈતિહાસમાં અમર બની જવાશે એની કોઈ ખેવના મેવાડનાં વીરપુત્રો કે વીરપુત્રીઓએ રાખેલ નથી. બલિદાનની ભાવના એમના હૃદયમાંથી ઊઠેલી છે, જેમ વીરડો ખોદાય અને જળ નીકળે એમ જ.

રાજસ્થાનની વીરતા, બલિદાન અને ત્યાગ તથા સર્વસ્વ સમર્પણની જીવંત પ્રતિમા એટલે પન્ના.

જ્યાં આત્મસમર્પણની ભાવના છે, જ્યાં તેજસ્વી બલિદાન અને ન્યોછાવરી છે ત્યાં પરમાત્મા વસે છે.

રાજસ્થાનની વીરપુત્રી પન્ના પાસે કશું જ ન હતું, હતી બલિદાનની પવિત્ર ભાવના.

મેવાડના મહારાણા સંગ્રામસિંહનું અવસાન થયું એના પછી એનો પુત્ર વિક્રમાદિત્ય મેવાડની ગાદીએ આવ્યો, પણ એ અવિચારી, દુષ્ટ, અત્યાચારી હોવાથી મેવાડના સામંતોએ એને સિંહાસનેથી ફગાવી દીધો, અને વિક્રમાદિત્યના નાનાભાઈ ઉદયસિંહને મેવાડના મહારાણા બનાવ્યા. ઉદયસિંહની ઉંમર કાચી હતી – માત્ર છ વર્ષની. આથી શાસનનો ભાર સંભાળવા વનવીરને સંરક્ષક બનાવવામાં આવ્યો.



વનવીર પણ દુષ્ટ જ હતો. એ વિચારતો હતો કે સ્વયં પોતે જ મેવાડનો મહારાણા બને, પરંતુ રાજકુમાર ઉદયસિંહની હત્યા કર્યા વગર આ કાર્ય અસંભવ હતું. સંસ્કૃતમાં એક સુવાક્ય છે. : 'વિષનો ઘડો કે જેના મુખભાગમાં દૂધ છે.' વનવીરનો આવો વિષનો ઘડો હતો. પોતાના પર શ્રદ્ધા અને વિશ્વાસ મૂકનાર મેવાડની પ્રજાની એને કોઈ તમન્ના ન હતી.

એક રાત્રે નગ્ન તલવાર સાથે એ રાજમહેલમાં ઘસી ગયો અને સૌથી પ્રથમ એણે વિક્રમાદિત્યને હણી નાખ્યો. એ પછી એ કિશોર વયના ઉદયસિંહને મારી નાખવા ઉત્સુક બન્યો. પરંતુ ઉદયસિંહને પોતાનું ધાવણ ધવરાવી ઉછેરનારી ધાય પન્નાને તુર્ત જ એની ખબર પડી ગઈ.

પન્નાને પોતાનો એક માત્ર પુત્ર હતો, જેની ઉંમર ઉદયસિંહ જેટલી જ હતી. રાજવંશને સુરક્ષિત રાખવા મેવાડની આ વીરપુત્રી પોતાના પુત્રનું બલિદાન આપવા દૃઢ સંકલ્પ કરી બેઠી. પોતાની બહેનપણી અને વિશ્વાસુ એક દાસી સાથે પન્નાએ ઉદયસિંહને તુર્ત જ વીરા નદીની પાર મોકલી દીધો. અને કહ્યું : 'સખી, ઉદયસિંહ સાથે વીરા નદી પાર કરી મારી પ્રતીક્ષા કરજે. હું ઝડપથી આવું છું.

પન્નાએ ઉદયસિંહના કપડાં અને દાગીના પોતાના પુત્રને પહેરાવી દીધાં અને ઉદયસિંહના પલંગ પર સૂવડાવી દીધો.

ખુલ્લી તલવાર સાથે જ્યારે વનવીરે ઉદયસિંહના ઓરડે પગ મૂક્યો ત્યારે ગર્જના કરતા અવાજે એણે પન્નાને પૂછ્યું : 'ઘાઈ પન્ના ! ઉદયસિંહ ક્યાં છે. ?'

ત્યાગ અને બલિદાનની જીવંત મૂર્તિ સમાન પન્નાએ જરા પણ ખચકાટ વગર પલંગ તરફ હાથ લંબાવ્યો. એ જોતી રહી અને વનવીરે એના પુત્રના ટુકડા કરી નાખ્યા. રક્ત ટપકતી તલવાર ઊંચકી એણે પન્નાને આજ્ઞા કરી; 'જા આ ટુકડાને લઈ જઈ સળગાવી દે અને પછી સદાને માટે મારી આંખોથી દૂર ચાલી જા.'

મેવાડની આ વીરપુત્રી પોતાની આંખો સામે જ પોતાના પુત્રની હત્યા થતી જોઈ રહી અને પછી પોતાના કાન દ્વારા વનવીરની આજ્ઞા સાંભળી રહી. પોતાના જ પુત્રને એણે રાજવંશને બચાવવા માટે મરાવી નાખ્યો.

'ધન્ય....ધન્ય.....પન્ના !'

પન્નાએ પોતાના પુત્રના શબના ટુકડાઓને ઊઠાવ્યા અને રાજમહેલની બહાર નીકળી ગઈ. સ્વયં માતાએ જ પોતાના પુત્રનો અગ્નિ સંસ્કાર કર્યો, અને પછી નદીના સામે કિનારે પહોંચી ગઈ. એ ઉદયસિંહને સાથે લઈ પ્રત્યેક સામંત અને સેનાધ્યાક્ષને મળી, પરંતુ વનવીરના ભયથી કોઈએ પન્નાને અને ઉદયસિંહને શરણ ન આપ્યું.

છેલ્લે પન્ના એક સેનાધ્યક્ષ આશાશાહ પાસે ગઈ. એ પણ વિચારમાં પડી ગયો. આશાશાહની માતાને જ્યારે સઘળી વાતની ખબર પડી, ત્યારે દુઃખ, વ્યથાથી પાગલ બની ગઈ. એ આશાશાહ પાસે આવી અને ક્રોધથી કાંપતી એ બોલી : 'દીકરા ! તેં મારું દૂધ લજાવ્યું. જે મહારાણાના ઉપકારોથી આપણે દબાયેલા છીએ, એના જ પુત્રને તું આજે જાકારો આપે છે ? જન્મભૂમિની સ્વતંત્રતા માટે જે વંશે પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધું, એ જ કુળના કુળદીપક ઉદયસિંહને શરણ આપતા તું ડરે છે? જા, ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મર !'

આશાશાહનું વીરત્વ જાગી ઊઠ્યું. માતાને ચરણે તલવાર મૂકી એણે પ્રતિજ્ઞા કરી; 'મા, મારા દેહમાં લોહીના છેલ્લા બુંદ સુધી હું ઉદયસિંહની રક્ષા કરીશ.'

ઉદયસિંહની કિશોરાવસ્થા આશાશાહ પાસે જ વીતી. સોળ વર્ષ પછી ચિતોડના લોકોને ખબર પડી કે ઉદયસિંહ જીવે છે. એ પછી સરદારો અને સામંતોએ ઉદયસિંહને ચિતોડ લાવી રાજગાદી પર બેસાડયો. ઉદયસિંહની ધાય–માતા પન્ના ત્યારે જીવતી હતી. આ ભવ્ય બલિદાન આપનાર માતાનું

રાજ્ય દ્વારા ભારે સન્માન થયું. જ્યાં સુધી આ માતા જીવંત રહી ત્યાં સુધી ઉદયસિંહ નિત્ય એના ચરણે સૌથી પ્રથમ વંદન કરતો. માતાની પ્રત્યેક આજ્ઞાને એ મસ્તકે ચડાવતો.

ચિત્તોડના સિસોદિયા રાજવંશના પાયામાં પન્ના પડેલી છે.

**– 'ભારતમાતાની વીરપુત્રીઓ' માંથી સાભાર**

■